## પ્રાંતિજ ખાતે ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે વાજતે ગાજતે ઠેરઠેર ગણપતિ દાદાનું સ્થાપન



સાબરકાંઠા જિલ્લા સહિત જિલ્લાઓમાં ગણેશ મહોત્સવની દરવર્ષ ની જેમ ગણેશ મહોત્સવ ની ઉમંગ ભેર ઉજવણી કરવામાં આવીછે ત્યારે પ્રાંતિજ ખાતે પણ ઠેરઠેર ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે ઘરે-ઘરે તથા વિવિધ યુવક મંડળોદ્વારા સાર્વજનિક સ્થાપના કરવામાં આવી છે. માયા નગરી સહિત દેશ ભરમાં ભગવાન ગણેશની મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી રહી છે ત્યારે સાબરકાંઠા જિલ્લા માં પણ ઠેરઠેર ભગવાન ગણેશની મૂર્તિઓનુ સ્થાપના કરવામાં આવી રહી છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ દરવર્ષ ની જેમ ગણપતિ દાદાની મૂતિઓને તેમણાં પંડાવ સુધી લાવવામાટે વિવિધ યુવક મંડળો દ્વારા ઢોલ નગારા ડીઝેના તાલ સાથે લઈ જવામાં આવ્યા હતા જેમાં ગોપીનાથ સોસાયટી, ગજાનંદ સોસાયટી, રેલ્વે સ્ટેશન, તપોધન ફડી કડીયા વાસ, પંડયા પોળ તથા આંટીયાવાસ ખાતે સ્થાપના કરવામાં આવ્યુ છે ત્યારે પંડ્યા પોળ યુવક મંડળ દ્વારા ભાંખરીયા બસસ્ટેશન પાસે આવેલ રાંદલ મહાકાલી માતાના મંદિર ખાતે થી ગણપતિ બાપ્પા ની મૂર્તિ નો પણ વરઘોડો કાઢી ગામમા ફેરવી દરવર્ષ ની જેમ વાજતે ગાજતે ડીઝેના સંગ સાથે પંડાવ સુધી લઈ જવામાં આવ્યા હતા અને દશ દિવસ માટે સ્થાપના કરવામાં આવ્યુ છે જેમાં ગણેશ ભકતો સહિત ધર્મ પ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં તો વિવિધ જગ્યાઓ ઉપર દરવર્ષ ની જેમ ભગવાન શ્રી ગણેશ ની મૂતિ ઓનું યુવક મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવી છે.

## પ્રાંતિજના ઉંછાથી પાવાગઢ પગપાળા સંઘ નિકળ્યો



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઉંછા ગામે થી છેલ્લા ૭૦ વર્ષ થી પાવાગઢ ખાતે પગપાળા જતો સંઘ ને ગ્રામજનો દ્વારા વાજતે ગાજતે રવાના કરવામા આવ્યો. પ્રાંતિજ ના ઉંછા ગામેથી પાવાગઢ ખાતે નિકેળેલ પગપાળા સંઘ આ વર્ષે પણ માતાજી ના રથ સાથે નિકળ્યો હતો અને ઉંછા થી પગપાળા આશરે ૭૫ વર્ષ થી પાવાગઢ ખાતે જાય છે તો વરવાઓ ના સમય થી ચાલુ થયેલ સંઘ આજે પણ નવીપેઢી દ્વારા પગપાળા સંઘ જવાનો યથાવત છે ત્યારે પહેલા મા ની ધજા લઈ ને સંઘ નિકળતો હતો અને અત્યારે છેલ્લા ૧૫ વર્ષ થી નવીપેઢી દ્વારા માતાજીનો રથ લઈ નિકળે છે ત્યારે આ પગપાળા નિકળેલ સંઘને ઉંછા ગ્રામજનો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ વાજતે ગાજતે ગામમાથી ગામના પાદર સુધી રવાના કર્યો હતો તો ઉંછા થી પાવાગઢ જતો સંઘ છેલ્લા ૧૫ વર્ષ થી માતાજી ના રથા સાથે નિકળેલ આ પગપાળા સંઘ છદિવસે પાવાગઢ ખાતે પોહચી મહાકાલી માતાના ધામમા શિશજુકાવી ધન્યતા અનુભવશે તો આ પગપાળા સંઘ મા આ વર્ષે ૧૧૫ જેટલા ધર્મપ્રેમી માય ભકતો પગપાળા સંઘ મા જોડાયા હતા અને ગામમા કોઈપણ નાતજાત ના ભેદભાવ વગર સંઘ મા દરેક સમાજ ના લોકો સાથે રહીને ગામમા વાજતે ગાજતે વરઘોડો કાઢી સંઘ ને ગ્રામજનો દ્વારા પ્રસ્થાન કરાવ્યુ હતુ.

## ધનસુરા તાલુકામાં ગણેશ ચતુર્થીની ઉત્સાહ અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી



સમગ્ર રાજ્ય માં ગણેશ ચતુર્થી ની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.ત્યારે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકા માં પણ ગણેશ ચતુર્થી ની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.ધનસુરા તાલુકા માં ગણેશ ચતુર્થીના તહેવારને લઈને વિવિધ જગ્યાએ ગણેશ ભગવાનજીની મૂર્તિ ને સ્થાપિત કરવામાં આવી હતી.અને ભગવાનની પૂજા કરવામાં આવી હતી.ધનસુરા માં વિવિધ જગ્યાએ ગણપતિ બાપ્પા ના જયઘોષ સાથે ઢોલ નગારા અને ડીજે સાથે ભગવાનની ભવ્ય યાત્રા કાઢવામાં આવી હતી.ધનસુરામાં પરબડી ચોક,લીમડા ચોક તથા ચાર રસ્તા સહિત વિવિધ જગ્યાએ ગણેશ ભગવાનજી ની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા અને ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી આ તહેવાર અનંત ચતુર્થી સુધી ચાલશે જેમાં ગણપતિ બાપ્પા ના ઉત્સવમાં લોકોએ ઉત્સાહપૂર્વક તૈયારીઓ કરી છે.ધનસુરા ના પરબડી ચોક ખાતે ગણેશ યુવક મહોત્સવ ૨૦૨૨ માં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.ધનસુરા ચાર રસ્તા યુવા મિત્ર મંડળ દ્વારા પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.ગણેશ ભગવાનના આ ઉત્સવ માં લોકો ઉત્સાહ પૂર્વક જોડાયા હતા.

## ધાનેરા શિવ શક્તિ વિશ્વકર્મા સોસાયટી માં કેવડાત્રીજ વ્રતની પૂજા



ધાનેરા તા.૩૧ ભાદરવા સુંદ ત્રીજ હરિતારિકા વ્રત ની ઉજવણી થાય છે તેને કેવડાત્રીજ ના નામેઓળખાણ છે.ધાનેરા શિવ શક્તિ વિશ્વકર્મા સોસાયટી માં દર વર્ષ ની જેમ આ વર્ષે મોટી સંખ્યામાં માતા બહેનો એ ભગવાન શિવ પાર્વતી અને ગણેશ ની પૂજા અર્ચના કરી પતિ ના આયુસ્ય ની વૃધી અને કુમારી કન્યાઓ ને સારો પતિ મળે તેની કામના કરી હતી . દર વર્ષે પુષ્પાબેન જોશી ના ઘરે મહારાજ રાજુભાઈ જોશી દ્વારા શિવ પરિવાર ની પૂજા કરી કેવડા ત્રીજ ની વાર્તા સંભળાવી હતી આમ છેલ્લા ૧૮ વર્ષથી કેવડાત્રીજ ની પૂજા કરાવી રયા છે. આજેપણ મોટી સંખ્યામાં માતા બહેનો એ પૂજા અર્ચના કરી હતી અને આજનો દિવસ ને આનંદ થી ઉજવ્યો હતો.

**જન્મદિને વધામણી**



વિનાબેન વિનોદભાઈ પટેલ
દંડક, ધનસુરા તાલુકા પંચાયત
આકૃંદ તાલુકો ધનસુરા

**નિમણૂંક માટે પૈસા લીધાના આક્ષેપની પોસ્ટ સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં ખળભળાટ**

# અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા)ની નિમ્ન કક્ષાની ગાળો બોલતી ઓડીયો ક્લિપ વાયરલ, હોદ્દા પરથી દૂર કરવા માંગ

**બધાના કૂચા કાઢી નાખીશ, પગ ભાગી નાખશું તેવી ખુલ્લી ધમકી આપતાં મામલો પ્રદેશમાં પહોંચ્યો**

ગાંધીનગર, તા.૩૧

ભાજપ યુવા મોરચા માલપુર તાલુકાના ગૃપમાં સ્વામી વિવેકાનંદ યુવા મંડળમાં તાલુકાના ૨ માણસોની નિયુક્તિ થઈ છે તેમાં સંગઠન પ્રમુખે પૈસા લઈને નિમણૂંક કરી છે તેવો આક્ષેપ કરતી પોસ્ટ વાયરલ થતાં ખળભળાટ મચી ગયો. જ્યારે અરવલ્લી ભાજપ સંગઠન પ્રમુખ દ્વારા નિમ્ન કક્ષાની ગાળો બોલવાની સાથે બધાના કૂચા કાઢી નાખીશ, પગ તૂટી જશે તેવી ખુલ્લી ધમકી આપતી ઓડીયો ક્લિપ વાયરલ થતાં મામલો પ્રદેશ સુધી પહોંચ્યો છે અને સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા)ને તાબડતોબ સંગઠન પ્રમુખ પદેથી દૂર કરવાની કેટલાક કાર્યકરોએ માંગ કર્યાનું બહાર આવ્યું છે. આગામી દિવસોમાં આ મામલો વધુ ગરમાય તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

> Bipina Navagom
> માલપુર તાલુકાના સગઠન પ્રમુખ સંજયભાઈ જયસ્વાલ અને સરદભાય મહામત્રી એવું કહેવું છે. સ્વામી વિવેકાનંદ યુવા મડળ માં જે બને માણસો લીધાં છે એ જિલ્લા પ્રમુખ રાજુભાઇ એ આ બને વ્યક્તિ એક જ ગામના 10000.10000.રૂપિયા લયને નીમરૂક કર્યા છે એવું માલપુર સંગઠન પ્રમુખ અને મહામંત્રી કહેવું છે... આવું ને આવું કરશો તો સાચા કાર્યકરની શું દશા થશે... 12:12

પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની મનમાની સામે લાંબા સમયથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના અનેક સભ્યો અને પદાધિકારીઓમાં રોષ જગજાહેર છે પરંતુ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલના રાજેન્દ્ર ચૌધરી ઉપર ચાર હાથ હોવાની હવા તેમના અંગત કાર્યકરોએ ઉભી કરતાં અનેક સાચા કાર્યકરો રજૂઆત કરતાં ડરી રહ્યા છે પરંતુ એક પછી એક અનેક મંડલોમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખની મનમાની અને વ્હાલા દવાલાની નીતિ બહાર આવતાં પ્રદેશ કક્ષાએથી પણ હવે જિલ્લામાં શું રંધાઈ રહ્યું છે તેની નોંધ લેવાઈ રહી છે. ગત રોજ માલપુર તાલુકા ભાજપ યુવા મોરચાના વોટ્સએપ ગૃપમાં નિમણૂંક અંગેની એક પોસ્ટ વાયરલ થઈ અને ગણતરીની મીનીટોમાં જ પોસ્ટ એક ઠેકાણેથી બીજા ઠેકાણે ફરતી થઈ ગઈ ત્યારબાદ પોસ્ટ વાયરલ કરનાર ભાજપના કાર્યકરને જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર ચૌધરી દ્વારા જે ધમકી આપવામાં આવી અને અહીં ન લખી શકાય તેવી ગાળો ભાંડી તેની ઓડીયો ક્લિપો ધડાધડ વાયરલ થઈ જતાં સંગઠન પ્રમુખને વિનમ્રતાપૂર્વક વર્તવાના બદલે પોતાનો અસલ મીજાજ દેખાડતાં ભાજપના મહિલા કાર્યકરોથી માંડી યુવા કાર્યકરો સમસમી ગયા છે. જિલ્લા સંગઠન દ્વારા જે જે કંઈ નિમણૂંકો આપવામાં આવી રહી છે તેમાં ખુલ્લેઆમ વ્હાલા દવાલાની નીતિ અને જૂથવાદને પોષાતો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. કેટલાક કાર્યકરોએ વાયરલ થયેલી ઓડીયો ક્લિપ પ્રદેશ પ્રમુખ તેમજ વડાપ્રધાન સુધી પહોંચાડ્યાનું પણ જાણવા મળ્યું છે. જ્યારે વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષના જિલ્લાના મુખીયા દ્વારા કાર્યકરને ભૂલ હોય તો સમજાવવાનો હોય પરંતુ પગ તૂટી જશે, બધાના કૂચા કાઢી નાખીશ, તું માપમાં રહે જે, એફ.આઈ.આર. કરાવી દઈશ જેવી ધમકીથી ચોક્કસ પક્ષની છબી ખરડાઈ રહી છે. કેટલાક ભાજપના નિષ્ઠાવાન કાર્યકરો તો એવું બોલી રહ્યા છે કે જિલ્લા સંગઠન પ્રમુખ તરીકે રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા)ની નિયુક્તિ પછી પ્રદેશ સંગઠનને દેખાડવા માટે ભલે મોટા દેખાડ્યા કર્યા હોય પરંતુ મૃતપાય બનેલી કોંગ્રેસને બેઠી કરી દીધી છે.

**સંગઠન પ્રભારી પગલાં ભરશે કે મામલો દબાવી દેશે**

ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ દ્વારા જિલ્લાના કાર્યકરોની ફરિયાદો પ્રદેશ સુધી પહોંચાડતા નથી અને જિલ્લા સંગઠનને છાવરતા હોવાના અતિગંભીર આરોપ પાછલા ૧ વર્ષથી સાંભળવા મળી રહ્યા છે. ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા) દ્વારા એક કાર્યકરને ખુલ્લી ધમકી અને નગ્ન ગાળો બોલતી ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી જિલ્લા સંગઠન પ્રભારી આ અંગે પ્રદેશમાં જાણ કરી યોગ્ય પગલાં ભરશે કે પછી અગાઉની જેમ મામલો દબાવી દેશે તેને લઈને પણ અનેક ચર્ચાઓ ચાલી રહી છે. પ્રદેશ પ્રમુખને પણ જિલ્લા સંગઠન પ્રભારીની કામગીરી બાબતે અત્યંત ગંભીર રજૂઆતો થયાનું કેટલાક કાર્યકરોએ જણાવ્યું છે.

**પૂર્વ ધારાસભ્ય સાથેની જુગલ બંધી ભારે પડી**

લોક ચર્ચા તો એવી છે કે એક પૂર્વ ધારાસભ્ય સાથે જિલ્લા સંગઠનના મુખીયાની નિકટતા વધતી હતી અને તે એટલી હદે વધી હતી કે પ્રદેશ સુધી રજૂઆતો થઈ હતી અને હવે આ જુગલબંધી મહાશયને ભારે પડી રહી હોય તેવી કાનાફૂંસી સાંભળવા મળી છે.

(ગાંધીનગર સમાચાર સોશ્યલ મીડીયામાં ફરતી થયેલી ઓડીયો ક્લિપને પુષ્ટી આપતું નથી.)

# જિલ્લામાં ગણપતિ મહોત્સવનો અનોખો ઉત્સાહ

## આકરૂન્દ ગામમાં ગણપતિ મહોત્સવનું આયોજન



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામમાં ગણપતિ મહોત્સવનો આસ્થા-ઉમંગ સાથે બુધવારથી પ્રારંભ થયો. શુભ મૂહર્તમાં ગણેશ મૂર્તિનું સ્થાપન કરી દૂંદાળા દેવની આરાધના કરવામાં આવી હતી. ધનસુરા તાલુકા ભાજપ સંગઠનના પૂર્વ મહામંત્રી અને પત્રકાર વિનોદભાઈ બી. પટેલ તેમજ યુવાનો દ્વારા ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું છે.

## બાયડની વલ્લભનગર સોસાયટીમાં ગણપતિ મહોત્સવનું આયોજન



બાયડ : બાયડની વલ્લભનગર સોસાયટીમાં આ વર્ષે પણ ગણપતિ મહોત્સવનું આયોજન કરાયું છે. બુધવારે શુભ મૂહર્તમાં ઢોલ-નગારાના તાલે શોભાયાત્રા સાથે ગણેશ મૂર્તિને વાજતે ગાજતે પંડાલમાં લાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ બ્રાહ્મણ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ પછી સ્થાપન થયું હતું. સોસાયટીના યુવા કાર્યકર દિપ રાકેશભાઈ શાહ, પાર્થ મહેશભાઈ પટેલ સહિત સોસાયટીના યુવાનો અને રહીશો ગણપતિ મહોત્સવની શોભાયાત્રામાં સામેલ થયા હતા. સોસાયટીનો માહોલ બાપ્પા મોરીયાના નાદથી ભક્તિસભર બન્યો હતો. મૂર્તિ સ્થાપન સમયે સોસાયટીના ચેરમેન મહેશભાઈ જોષી, દિવ્યકાન્ત જોષી, મિહીર સોની, કૌશિક પટેલ, રતિલાલ નાયી, રાકેશભાઈ શાહ સહિત સભ્યો હાજર રહ્યા હતા.

## બાયડના છપૈયાધામ ફ્લેટમાં ગણપતિ મહોત્સવનું આયોજન



બાયડ : બાયડના ગાબટ રોડ ઉપર આવેલા છપૈયાધામ ફ્લેટમાં આ વર્ષે ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૩૧ ઑગષ્ટના રોજ શુભ મૂહર્તમાં ફ્લેટના રહીશોએ ગણપતિની મૂર્તિનું સ્થાપન પાર્થ બારોટના ઘરે કરવામાં આવ્યું હતું ત્યારબાદ આરતી સાથે વિઘ્નહર્તા દેવની પૂંજા અર્ચના કરી હતી. ૩ દિવસ ચાલનારા ગણપતિ મહોત્સવના કારણે સમગ્ર માહોલ ભક્તિસભર બન્યો છે. છપૈયાધામ ફ્લેટના પ્રમુખ કલ્પેશભાઈ દરજી, શૈલેષ એસ. ભાટીયા, મયૂરભાઈ જોષી, તુષાર ઉપાધ્યાય, નિકુલ ચૌધરી સહિત ફ્લેટના રહીશો હાજર રહ્યા હતા.

## સરડોઈમાં સતત ૧૪મા વર્ષે ગણેશ મહોત્સવનું આયોજન



બાયડ : મોડાસા તાલુકાના સરડોઈ ગામે ગણેશ મંડળ તેમજ સ્થાનિક યુવાનોના સહયોગથી સતત ૧૪મા વર્ષે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ ચતુર્થીના દિવસે શુભ મૂહર્તમાં વાજતે ગાજતે પરબડી ચોકમાં દૂંદાળા દેવનું સ્થાપન કરી ૧૦ દિવસ માટે ગણેશ મહોત્સવની શરૂઆત કરવામાં આવી. મૂર્તિ દાતા રાજેન્દ્રસિંહ પ્રવિણસિંહ રહેવરના ઘરેથી વાજતે ગાજતે દૂંદાળા દેવની શોભાયાત્રા નિકાળ્યા પછી હર્ષદભાઈ ગોર દ્વારા વિધિવિધાન સાથે ગણેશ સ્થાપન કરવામાં આવ્યું છે.

## બાયડની શ્રીજી સોસાયટીમાં ગણેશ મહોત્સવનું આયોજન



બાયડ : બાયડની શ્રીજી સોસાયટીમાં ગણેશ મહોત્સવનું આયોજન કરાયું છે. બુધવારે શુભ મૂહર્તમાં ગણપતિની સ્થાપના સાથે સમગ્ર સોસાયટીનો માહોલ ગણેશમય બની ગયો હતો. મૂર્તિ દાતા મણીભાઈ રેવાભાઈ પંચાલના ત્યાંથી શોભાયાત્રા નિકળી હતી અને ત્યારબાદ મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ગુરૂવારે સાંજે શ્રીજી સોસાયટીના કોમન પ્લોટમાં મૂર્તિ વિસર્જનનો કાર્યક્રમ આયોજીત કરાયો છે.

## તલોદમાં ગણપતિ મહોત્સવની ઉજવણી



બાયડ : તલોદ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ રચનાબેન ગાંધીના નિવાસસ્થાને ગણપતિ મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારે મૂર્તિનું સ્થાપન કર્યું હતું ત્યારબાદ પૂંજા-અર્ચન કરવામાં આવ્યું હતું. ગણેશ સ્થાપન સમયે ઉપપ્રમુખ ઋતુલ પટેલ, બ્રિજેશ સોની, હરસોલા વણિક સમાજના અગ્રણી મહેશભાઈ ગાંધી, મહામંત્રી વિનુભાઈ સુથાર સહિત આગેવાન કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## પાકિસ્તાનની દુર્દશા... 'એક બાજુ દેવાનો ડુંગર તો બીજી બાજુ આફતોની ખાઈ....'

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ..?**

બાયડ તા.૩૧

પાકિસ્તાનનું મીડિયા જોઈએ તો તે કાયમ પોતાની સરખામણી ભારત જોડે જ કરતું હોય છે. 'પાકિસ્થાનની હેસિયત ભારતના એક મોટા રાજ્ય જેટલી પણ નથી તો પણ હરીફાઈ તો ભારત જોડે કરવાની જાણે આદત પડી ગઈ છે!!' હાલમાં પાકિસ્તાનની દશા વિકટ છે....છતાંય પાકિસ્તાન ભારતને પછાડવાની મેલી મુરાદ અને પોતાનું ઘમંડ છોડવા તૈયાર નથી!! ક્રિકેટની વાત હોય કે કાશ્મીરની વાત હોય દરેક મોરચે તેમને ધોબી પછાડ મળી રહ્યો છે પણ પાકિસ્તાનનો વટ અને વળ છુટતો નથી... આજે પાકિસ્તાન આર્થિક મહામારીથી પીડાઈ રહ્યું છે, દેશની જનતા બે ટંકના ભોજન માટે પણ વલખા મારી રહ્યું છે એવામાં કુદરતે ચારે હાથે પાકિસ્તાનને હતું નહોતું કરી નાખ્યું!! પાકિસ્તાનના લગભગ દરેક જિલ્લાઓમાં અતિવૃષ્ટિ અને પૂરનો પ્રકોપ ફરી વળ્યો છે, લાખો લોકો બેઘર થઈ ગયા તો ઉભો પાક પણ હતો નહોતો થઈ ગયો... આજનું પાકિસ્તાનનું દ્રશ્ય બિહામણું અને રૌદ્ર છે તો પણ પાકિસ્તાનને ક્રિકેટમાં હાર પછી ભારત માટે રોષ તો એટલો જ છે... પાકિસ્તાનની આ દશા અનુભવીને ત્યાંની જનતા અને ત્યાંની સરકાર ભારત તરફ દ્રષ્ટિ કરીને મોદીજી કંઈક મદદ કરે તેની આશા માંડીને બેઠા છે!! પણ, નરમાશ કે હળવાશ બિલકુલ નથી... મદદ જોઈએ છે પણ ભારત સામે ચાલીને બોલે તેની રાહ જોતા બેઠા છે. આટલી અક્કડ પાકિસ્તાનને હજુ વધુ ડુબાડી દેશે.... ભારત બહુ સંવેદનશીલ રાષ્ટ્ર છે જો પાકિસ્તાન સામેથી વિનંતી કરે તો મોદીજી જરૂરથી સહાય મોકલે તેવું તેમનું દિલ છે... 'મોદીજીનું કઠોર વ્યક્તિત્વ છે પણ સાથે સાથે એટલુંજ કોમળ હૃદય પણ છે તેનો અનુભવ ખુદ કાશ્મીરના ભૂતપૂર્વ કોંગ્રેસી નેતા ગુલામનબી આઝાદ સાહેબને થઈ ચૂક્યો છે..."' પાકિસ્તાન માટે એકબાજુ દેવાનો ડુંગર છે તો બીજી બાજુ કુદરતી પ્રકોપની ખાઈ છે!! છતાંય બુદ્ધિ ઠેકાણે આવતી નથી. પી.ઓ.કે. તેમના હાથમાંથી સરકી રહ્યું છે તો બીજી બાજુ બલૂચીસ્થાન તેમના નકશામાંથી ગમે ત્યારે ગાયબ થઈ શકે છે!! ભારત જોડે મિત્રભાવથી રહેવામાં પાકિસ્તાનનું હિત હતું પણ તેમણે ભારતની મદદને બદલે આતંકવાદનો સહારો લીધો... એટલે જ પાકિસ્તાન આજે ભિખારીની જેમ વિશ્વ આખાયમાં વાડકો લઈને ભીખ માંગી રહ્યું છે. જો નિયત સારી રાખી હોત અને ભારત જેવા દરિયાદિલ દેશ જોડે મિત્રતા રાખી હોત તો આવી કુદરતી હોનારત સમયે તેને ભારત ઉની આંચ આવા ના દેત!! કાશ્મીરના પી.ઓ.કે. માં ભારતની વાહ વાહ થઈ રહી છે તો બલૂચીસ્થાનમાં લોકો ભારત જીંદાબાદના નારા લગાવતા જોવા મળે છે... પાકિસ્તાન માટે અત્યારે વિપરીત કાળ ચાલી રહ્યો છે તેની પાછળનું કારણ પાકીસ્થાનની નિયત અને કરણી કારણભૂત છે. પોતાની અક્કડતા છોડીને ભારત તરફની દ્રષ્ટિ સકારાત્મક કરે તો જ પાકિસ્તાન બચી શકે તેમ છે નહીં તો તેઓ ભંગારના ભાવમાં વહેંચાઈ જશે તેવું લાગી રહ્યું છે...

## ગણપતિ દાદાનું વાજતે - ગાજતે સ્વાગતઃ બેન્ડવાજા, ડી.જે. અબીલ-ગુલાલની છોળો વચ્ચે ભવ્યશોભા યાત્રાઓ

**મેઢાસણ ગણપતિ મંદિરે લોકોમેળો ભરાયો**





મોડાસા, તા. ૩૧

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં બુધવારે ગણેશચતુર્થી ના દિવસે ઠેર-ઠેર વિઘ્નહર્તા ગણેશજીની પ્રતિમાનું સ્થાપન વાજતે-ગાજતે કરવામાં આવ્યું હતું.બંને જિલ્લાના વાતાવરણમાં ગણપતિબાપા મોરિયાના જયઘોષ ગુંજી ઉઠ્યા હતા દુંદાળા દેવ, વિઘ્નહર્તા ગણપતિદાદાના ભકજનો દ્વારા જાહેરસ્થળોએ,ધંધા-રોજગાર સ્થળો,શૈક્ષણિક સંસ્થાઓ અને ઘરે-ઘરે ગણપતિ દાદાની સ્થાપના કરી ભક્તિમાં લીન બની ગયા હતા બંને જિલ્લાના મુખ્ય શહેરમાં વિવિધ ગણપતિ મંડળ દ્વારા ૧૦ દિવસ સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિના માં ભક્તો શિવભક્તિમય બન્યા હતા હવે ગણેશભક્તિ નો પ્રારંભ થતા વાતાવરણ ભક્તિમય બન્યું છે. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગણેશમહોત્સવ અને ગણેશ સ્થપાનાની ઉજવણી ઉમંગભેર કરવામાટે ગણેશજીના ભક્તોએ મહિના અગાઉથી તૈયારીઓ હાથધરી શુક્રવારે ગણેશચતુર્થીના દિવસે બેન્ડ અને ડી.જે. ના તાલે ઠેર-ઠેર સ્વાગત કરી સ્થાપન કરવામાં આવ્યું હતું. જિલ્લાના ગ્રામ્યવિસ્તારો માં વિવિધ યુવક મંડળો દ્વારા દુંદાળાદેવ ગણપતિ દાદાની મૂર્તિનું રંગે ચંગે સ્થાપન કરતા વાતાવરણ ગણેશમય બની ગયું હતું. મોડાસા તાલુકાના મેઢાસણ ગામે આવેલા રિદ્ધિ-સિદ્ધિ ગણપતિ દાદાના મંદિર ગણેશચતુર્થી નીમિતે વિઘ્નહર્તા ગણપતિદાદા ના દર્શનાર્થે ભક્તો વહેલી સવારથીજ ભક્તો નું ઘોડાપુર ઉમટ્યુંહતુંઅને મંદિરનજીક પરંપરાગત રીતે ભારત લોકમેળામાં લોકોએ લુપ્ત ઉઠાવ્યો હતો.



તક્ષશિલા વિદ્યા કેમ્પસ બાયડ ખાતે સતત સાતમા વર્ષે ગણપતિ સ્થાપના (ઈકો ફ્રેન્ડલી મૂર્તિ )કરવામાં આવી.શાળા ના પટાગણ માં વાજતે ગાજતે ગણપતિ દાદા ની શોભા યાત્રા કાઢી "ગણપતિ બાપા મોરયા "ના નાદ સાથે બાપા ની સ્થાપના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ સાહેબે ખુદ જજમાન બની મંત્રોચાર કરી આરતી સાથે વિધિ વિધાન પૂર્વક કરી હતી યજમાન તરીકે સંસ્થા ના મેનેજીંગ ડિરેક્ટર શ્રી તપનભાઈ પટેલ તેમજ તેમના ધર્મપત્ની શ્રીમતી પ્રેક્ષાબેન પટેલ (કેમ્પસ ડાઈરેક્ટર )ના વરદ હસ્તે પૂજા વિધિ દ્વારા સ્થાપના કરવામાં આવી આ પ્રસંગ માં શાળા ના તેમજ ગુરુકુલમ ના વિદ્યાર્થી ઓ દ્વારા દાદા ને પુષ્પ વર્ષા કરવામાં આવી આ પ્રસંગે તમામ પદાધિકારી તેમજ શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા